પ્રાયોજના વહીવટદારશ્રી, ટ્રાયબલ સબ પ્લાનની કચેરી
આદિજાતિ ભવન, પ્રથમ માળ, ભરુચ.
ફોન નં.૦૨૬૪૨-૨૨૨૩૩૧
ઈ-મેઈલ : po-tdd-bha@gujarat.gov.in

સત્યમેવ જયતે

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

**રાજ્યકક્ષા ૧૦ %**

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : ટીએસપી/૧૦૯૨/૧૯૨૮/છ તા. ૩/૯/૧૯૯૭

(૨) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીપી/૯૯૧૦/૪૪૫/૧૩૯/પ તા.૦૮/૦૫/૨૦૧૨

(3) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીપી/૨૦૨૪/૨૬૩/પી તારીખ : ૧૦/૧૦/૨૦૨૪

(૪) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૩.૦૩.૨૦૨૬ના કાર્યવાહી નોંધ ક્રમાંક :- TDD/0265/03/2026.

(૫) સંયુક્ત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી ગાંધીનગરના તા. ૨૪.૦૩.૨૦૨૬ના પત્રક્રમાંક :- આવિ/ટીએસપી/૨૦૨૫-૨૬/૨૩૨.

(૬)અમલીકરણ અધિકારીશ્રી : કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. જિલ્લા પંચાયત ભરૂચના તા. ૨૪.૦૩.૨૦૨૬ના પત્રક્રમાંક :- જી.પં/પવ/પીબી/૧૫૦૩-૧૫૦૪/૨૦૨૬થી મળેલ દરખાસ્ત.

(૭) અમલીકરણ અધિકારીશ્રી : કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. જિલ્લા પંચાયત ભરૂચના તા. ૨૪.૦૩.૨૦૨૬ના પત્રક્રમાંક :- જી.પં/પવ/પીબી/૧૫૦૩-૧૫૦૪/૨૦૨૬થી મળેલ તાંત્રિક મંજુરી ક્રમાંક :- ૩૮૧,૩૮૨,૪૧,૪૦/૦૩.૨૦૨૬.

........... **આદેશ** .............

આમુખ - (૧) થી રાજ્ય સરકારશ્રીએ ન્યુ ગુજરાત પેટર્ન યોજનાનો સ્વીકાર કરેલ છે.

આમુખ – (૨) અને (૩) થી ન્યુ ગુજરાત પેટર્ન યોજનાના અમલીકરણ બાબતે ગાઈડલાઈન નક્કી કરવામાં આવેલ છે.

આમુખ – (૪) અને (૫) થી ગુજરાત પેટર્ન રાજ્યકક્ષા ૧૦% આયોજન હેઠળ સને ૨૦૨૫-૨૦૨૬ના વર્ષમાં ભરૂચ જિલ્લા માટે ૩૦૫૪-રસ્તા અને પુલો સદરની કુલ રૂ. ૧૫૫.૦૦ લાખની જોગવાઈ થયેલ છે. તે સામે ઝગડીયા+નેત્રંગ તાલુકાની જોગવાઈ રૂા. ૧૩૫.૦૦ લાખની છે. જે મુજબ રાજ્યકક્ષાની તા. ૧૯.૦૨.૨૦૨૬ની બેઠકમાં દરખાસ્ત મુજબના કામો/યોજનાની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે.

આમુખ – (૬) થી અમલીકરણ અધિકારીશ્રી તરફથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ કામોની દરખાસ્ત મળેલ છે.

આમુખ – (૭) મુજબ સક્ષમ અધિકારીશ્રી તરફથી આ યોજનાની તાંત્રિક મંજુરી મળેલ છે.

આમ ઉપરોક્ત વિગત ધ્યાને લઈ ૧૦% રાજ્યકક્ષાએ મંજુર કરવાની યોજના માટે કચેરી નોંધ પર મળેલ આદેશ અનુસાર પરિશિષ્ટમાં જણાવેલ વિગતોએ નીચેની શરતોને આધીન રહી મંજૂર થયેલ આયોજન પૈકી અમલીકરણ અધિકારી: કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. જિલ્લા પંચાયત ભરૂચને રૂા. ૧,૩૪,૯૮,૨૦૦/-ની વહીવટી મંજુરી આપી ૧૦૦% સહાયની રકમ રૂા. ૧,૩૪,૯૮,૨૦૦/- મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**પરિશિષ્ટ**

| અ.નં | ગામનું નામ | યોજનાની વિગત<br>૨૨૨૫-આદિજાતિનું કલ્યાણ -૧૦% (રાજયકક્ષા)<br>તાલુકો :- ઝગડીયા/નેત્રંગ | વહીવટી મંજુરીની રકમ રૂા. | | | કામની સંખ્યા | આ હુકમથી ફાળવવામાં આવેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| | | | વિવેકાધીન જોગવાઈમાંથી | સ્વકીય ભંડોળમાંથી | કુલ જોગવાઈ | | |

Signature Not Verified
Signed by : Ms Nisha
Project Administrator
Project Administrator TASP
Office-Bharuch
Date : 2026.03.27 18:41:22 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રઝલવાડા | બિલવાડા ગામે નવી વસાહત તરફ સી.સી. રસ્તાનું કામ | ૨૦,૦૦,૦૦૦ | - | ૨૦,૦૦,૦૦૦ | ૧ | - |
| ૨ | નાના સાંજા | નાના સંજા મુખ્ય રસ્તાથી ગામ તરફ સી.સી. રોડનું કામ | ૨૪,૯૯,૬૦૦ | - | ૨૪,૯૯,૬૦૦ | ૧ | - |
| ૩ | ખરેઠા | ખરેઠા ગામે મુખ્ય રસ્તાથી ગામ તરફ સી.સી. રસ્તાનું કામ | ૨૯,૯૯,૩૦૦ | - | ૨૯,૯૯,૩૦૦ | ૧ | - |
| ૪ | કોયલી માંડવી | કોયલી માંડવી ગામે ખાંભી ફળીયાથી પ્રાથમિક શાળા સુધીનો રસ્તો | ૫૯,૯૯,૩૦૦ | - | ૫૯,૯૯,૩૦૦ | ૧ | - |
| | | કુલ.......... | ૧,૩૪,૯૮,૨૦૦ | - | ૧,૩૪,૯૮,૨૦૦ | ૪ | - |

**આ અંગેનો ખર્ચ ૨૦૨૫ - ૨૦૨૬ ની ગ્રાંન્ટમાંથી નીચેના સદરેથી કરવાનો રહેશે.**
**<u>માંગણી નંબર : ૯૬ પ્લાન</u>**
**૩૦૫૪ – રસ્તા અને પુલો**
૮૦ સામાન્ય
૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના.
૦૨ આર.બી.ડી. ૧૦ આ.વિ.પે.યો હેઠળ રસ્તા અને પુલો માટે ખાસ જોગવાઈ
બજેટનો પ્રકાર -૧ સ્કીમ નં : ૧૨ ૪૧ ૧૭ હેડ ચાર્જેબલ નં : ૩૦૫૪ ૮૦ ૭૯૬ ૦૨૦૦

**<u>શરતો અને બોલીઓ :</u>**

૧) જે કામે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે જ કામ માટે વાપરવાની રહેશે. તેમજ જે વિસ્તાર માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તે વિસ્તારમાં જ અમલ કરવાનો રહેશે. કમના સ્થળ કે વિસ્તારમાં ફેરફાર કરી શકાશે નહી.

૨) આ અનુદાનના વપરાશનું પ્રમાણપત્ર અમલીકરણ અધિકારીશ્રીએ આપવાનું રહેશે તથા સદર કામથી મહત્તમ આદિજતિ કુટુંબોને લાભ થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

3) આ કામના હિસાબો અલગ નિભાવવાના રહેશે તથા પ્રાયોજના વહીવટદાર કચેરી તરફથી કરવામાં આવતા વાર્ષિક નિરિક્ષણમાં રજુ કરવાના રહેશે. આ અંગેની સઘળી જવાબદારી અમલીકરણ અધિકારીની રહેશે.

૪) ગુજરાત પેટર્ન રાજ્યકક્ષા ૧૦%ના ફંડ અંગેનું જરૂરી ઓડીટ અને એકાઉન્ટીંગ કામગીરી અમલીકરણ અધિકારીએ કરવાની રહેશે. પ્રાયોજના વહીવટદાર કચેરી ભરૂચ ખાતે થતા એ.જી.ઓડીટ દરમ્યાન સંબંધિત રેકર્ડ પુરૂ પાડવાનું રહેશે. સદરહું અનુદાન ધોરણસરના ઓડીટને આધિન રહેશે.

૫) કામના નિરિક્ષણ તથા પ્રગતિ અંગેની સમીક્ષા પ્રાયોજના વહીવટદારશ્રી તથા પ્રા.વ.શ્રી કચેરીના અધિકારીઓ કરી શકશે.

૬) કામોની ગુણવત્તા અંગે પ્રાયોજના વહીવટદારશ્રી થર્ડપાર્ટી ઈવોલ્યુશન કરી શકશે.

૭) **<u>આ અનુદાનની રકમ તા: ૩૧/૦૩/૨૦૨૬ સુધી વાપરવાની રહેશે</u>**. ત્યારબાદ અનિવાર્ય સંજોગોમાં પ્રાયોજના વહીવટદાર , ભરૂચ તરફથી વધુ એક વર્ષની મંજુરી મેળવવાની રહેશે, ત્યારબાદ ખાસ કિસ્સામાં ત્રીજા વર્ષ માટે કમિશ્નરશ્રી ,આદિજાતિ વિકાસ ગુ.રા..ગાંધીનગર પાસેથી મુદ્દત વધારવાની મંજુરી મેળવવાની રહેશે જે અંગેની જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની અંગત રહેશે.

૮) યોજના હેઠળ થયેલ ખર્ચની તથા પ્રગતિ રીપોર્ટની માહિતી દર માસની પાંચમી તારીખ સુધીમાં પ્રાયોજના કચેરી, ભરૂચને આપવાની રહેશે.

૯) સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરી વિના યોજનામાં કોઈ પણ જાતનો ફેરફાર કરી શકાશે નહી.

૧૦) આ હુકમથી મંજુર કરેલા યોજના હેઠળ ઉભી થયેલ અસ્ક્યામતોની મરામત તથા નિભાવણીની જવાબદારી જે તે ખાતા/સંસ્થાની રહેશે.

૧૧) આ હુકમથી મંજુર કરેલ યોજના અન્ય કોઈ યોજના હેઠળ બેવડાતી નથી તેની અમલીકરણ અધિકારીશ્રીઓ ખાત્રી કર્યા બાદ જો યોજના બેવડાતી ના હોય તો આ કામ શરૂ કરવાનું રહેશે. અન્યથા આ કામે થયેલ ખર્ચની રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

Signature Not Verified
Signed by : Ms Nisha
Project Administrator
Project Administrator TASP
Office-Bharuch
Date : 2026.03.27 18:41:22 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૧૨) કામ પૂર્ણ થયે કામના સ્થળે કાયમી ટકી શકે તેવું નીચે મુજબની માહિતી સાથેનું નિયત નમુના મુજબની વનબંધુ કલ્યાણ યોજનાના લોગો સહિતના બોર્ડ/તકતી લગાડવાની રહેશે. તકતી વગરના કામોનું ચૂકવણું કરી શકાશે નહી. તકતીના ફોટોગ્રાફ્સ સંબંધિત ફાઈલે રાખવાના રહેશે.પ્રાયોજના વહીવટદાર , ટ્રાયબલ સબ પ્લાન , ભરૂચ (આદિજાતિ વિકાસ વિભાગ) ના સૌજન્યથી , કામનું નામ, મંજૂરીનું વર્ષ , ફાળવેલ રકમ, થયેલ ખર્ચ, કામની લંબાઈ/પહોળાઈ, કામ શરૂ થયા તારીખ, કામ પૂર્ણ થયા તારીખ, એજન્સીનું નામ." આ વિગત સાથેની સાચી તકતી લગાડવાની રહેશે તે સિવાય મંજૂર થયેલ કામનું ચૂકવણું કરી શકાશે નહી જેની અંગત જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

૧૩) આ કામગીરી માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર એજન્સી નક્કી કરી અમલીકરણ કરવાનું રહેશે. કામની એજન્સી નક્કી થયા બાદ પેટા એજન્સી કે કોન્ટ્રાક્ટ નક્કી કરી શકશે નહી. સદર યોજનાનો ખર્ચ નાણાકીય નિયમોનુસાર કરવાનો રહેશે. તેમજ થયેલ ખર્ચ અન્વયે અમલીકરણ અધિકારીશ્રીએ જિલ્લા પંચાયતના સક્ષમ અધિકારીશ્રી પાસે પ્રી ઓડીટ કરાવી ચૂકવણું કરવાનું રહેશે જે અંગેની જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

૧૪) મંજુર થયેલ કામોનું બાંધકામ સરકારી જમીનમાં કરવાનું રહેશે અથવા કાયદા અન્વયે સંપાદન કરેલ જમીનમાં જ કરવાનું રહેશે.

૧૫) કામ શરૂ કરતા પહેલા તાંત્રિક મંજુરી આપનાર અધિકારી પાસેથી લાઈન આઉટ મેળવી કામ શરૂ કરી સમયાંતરે ચકાસણી કરાવવાની રહેશે.

૧૬) અમલીકરણ અધિકારીશ્રીએ સદરહું કામ પૂર્ણ થયે કામ/યોજના પૂર્ણ થયેલ તેનું ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર (યુ.ટી.સી) તથા કામ પૂર્ણતા પ્રમાણપત્ર (સી.સી) નિયત નમુનામાં તૈયાર કરી સક્ષમ અધિકારીશ્રીની સહી મેળવી ( બે નકલમાં) તુર્તજ અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે. જે અંગેની સઘળી જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની અંગત રહેશે.

૧૭) કામ પૂર્ણ થયે તાંત્રિક મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રી પાસેથી જ કામ પુર્ણતા પ્રમાણપત્ર મેળવી અત્રેની કચેરીએ રજુ કરવાનું રહેશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

૧૮) તાલુકા કક્ષાએ ટ્રાયબલ એસેટ રજિસ્ટર સરકારશ્રીએ નિયત કરેલ નમુનામાં અમલીકરણ અધિકારીશ્રીએ નિભાવવાનું રહેશે તથા કામ પૂર્ણ થયે એસેટ રજિસ્ટરમાં કામની નોંધ કરવાની જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

૧૯) કામ શરૂ કરતા પહેલા, કામગીરી દરમ્યાનના તથા કામ પૂર્ણ થયા બાદના (ત્રણ તબક્કાના તબક્કાવાર) ફોટોગ્રાફ્સ ( અક્ષાંશ-રેખાંશ સહિત તથા તારીખ તથા સમય સહિત મોબાઈલ એપમાં ફોટોગ્રાફ્સ પાડી) અત્રેની કચેરીમાં રજૂ કરવાના રહેશે જે અંગેનું અત્રેની કચેરીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ ચૂકવણું કરવાનું રહેશે અન્યથા એ કામનું ચૂકવણું કરી શકાશે નહી જેની અંગત જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

૨૦) કામની સકસેસ સ્ટોરી બનાવી રજુ કરવાની રહેશે જે અંગેની અંગત જવાબદારી અમલીકરણ અધિકારીશ્રીની અંગત રહેશે.

**૨૧) ઉક્ત વહીવટી મંજુરી માન.મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ)ના અધ્યક્ષ સ્થાને તા.૧૯/૦૨/૨૦૨૬નાં રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ અંતર્ગત મળેલ સુચનાઓનુ પાલન કરવાની શરતને આધીન આપવામાં આવે છે.**

૨૨) આ કામોના Execution વખતે અમલીકરણ અધિકારી અને તેમના હસ્તકના અધિકારીશ્રીઓએ સઘન નિરિક્ષણ વ્યવસ્થા ગોઠવી, કામની ગુણવત્તા જળવાય તેની ખાસ કાળજી રાખવી, કામની ઉતરતી કક્ષાની ગુણવત્તાના લીધે નુકસાન થવાના કિસ્સામાં ચકાસણી કરનાર કે મંજુર કરનારની કોઈ જવાબદારી ઉપસ્થિત થશે નહી.

૨૩) ઉપયોગમાં લેવાના આવનાર વિવિધ મટીરીયલ્સનું ઉપયોગમાં લેતા પહેલા નિયમોનુસાર ટેસ્ટીંગ કરાવી લેવાનું રહેશે.

૨૪) આ કામની રકમમાંથી કર્મચારીઓના પગાર-ભથ્થા, આકસ્મિક ખર્ચ, સ્ટેશનરી ખર્ચ કે પ્રવાસ ભથ્થા જેવા પરચુરણ ખર્ચ કરી શકાશે નહી તેમજ માલસામાન અને સેવાઓની ખરીદી અને અન્ય આનુસાંગિક ખર્ચ અંગે સરકારશ્રીના પ્રવર્તમાન નાણાકીય નિયમો – ખરીદનીતિ મુજબ પ્રક્રીયા કરવાની રહેશે. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર કામ પાછળ થયેલ ખર્ચના ચુકવણા સમયે કરવાની થતી વૈધાનિક કપાતો કરી આ સારૂ ઓપન કરેલ અલગ હોલ્ડીંગ એકાઉન્ટ મારફત વૈધાનિક કપાતની રકમ સરકારશ્રીમાં નિયત સદરે નિયત સમયમર્યાદામાં જમા કરાવવાની રહેશે.

**નિશા (IAS)**
**પ્રાયોજના વહીવટદાર**
**ટ્રાયબલ સબ પ્લાન**
**ભરૂચ.**

Signature Not Verified
Signed by : Ms Nisha
Project Administrator
Project Administrator TASP
Office-Bharuch
Date : 2026.03.27 18:41:22 IST

File No: PATASPBRC/PLN/e-file/4911/2026/0469/PLANNING
Approved By: Project Administrator,Admin,PATASPBRC

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

<u>નકલ સવિનય રવાના :-</u>
૧) નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦/એ, ગાંધીનગર.
૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ.
૩) કલેક્ટરશ્રી, ભરૂચ.
૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભરૂચ.

<u>નકલ જયભારત સહ રવાના :-</u>
૧) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભરૂચ.
૨) હિસાબી શાખા, પ્રાયોજના કચેરી,ભરૂચ.
૩) કચેરીની ગ્રાન્ટ ફાઈલે.
૪) અમલીકરણ અધિકારીશ્રી : કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા પંચાયત ભરૂચ.